મઝહરૂલ-ઇસલામ

યાને

ઇસલામ દરપણ

ભાગ—૧લો.

માહે મોહરરમ શને ૧૩૧૯ હીજરી

બનાવનાર—સૈયદ—અબ્દુલરહેમાન—શેખુ

મીયાં નદવી ઠે. બડેખાંને ચકલે—સુરત.

કીમત

૦—૫—૦

પોસ્ટ ખરચ જુદો—વેલ્યુપેબલ પણ મોકલશે.

બનાવનારપર ઊપલા સરનામે કાગળ લખો.

સુરત "દેશી મિત્ર" પ્રેસમાં કાશીદાશ ભગવાનદાશે છાપી.

અનુક્રમણીકા

ફેહરીસ્ત	પાને
દીબાચો-ખુદાતાલાની હમદ તથા વીનંતી	૧
મઝહબે ઈસલામથી નાવાકેફ રહેવાથી થએલી હાલત	૨
ગુજરાતી જાણનારાઓ માટે ગુજરાતી ભાશામાંજ ચોપડીઓ લખવાની જરૂરત વિગેરે	૩
અગત્યની સુચના	૪
હમદ અને નઅત	૫
ખુદા તાલાની વેહદાનીયત અને એબાદતના શેઅર	૫
હઝરત (સલ) ની નઅત ઈઆને તારીફ	
હઝરતની તારીફના શેઅર	
સહાબા તથા આલની તારીફ અને તે વીશેના શેઅર	
માણસની આતમાગતી તા. રોઝે મીસાકનો વાએ	
અલલાહ તઆલા છેજ એની દલીલ ...	૯
માણસનું અજ્ઞાનપણુ જહાલત	૧૦
અક્કલ શું છે અને તેનુ ઉ... ...	૧૦
માણુસ સર્વોતમ છે	૧૦
માણશની ઉતમતાના શેઅર	૧૧
માણુશ પોતાની હકીકતથી વાકેફ થયા વીના જાહેલ રહે છે	૧૧
માણુશનો દીલ અને ખરો દીલ	૧૧
માણુશનો જાહેર બદન એની તારીફ	૧૨
માણુશની રૂહ આતમાની ચોકશી થઈ શકે નહી	૧૨
માણુશ બે મેળવણીથી બનેલો છે	૧
શરીઅતે ઈશલામનો ફરમાન	૧૨
માણુશ પોતાથી વાકેફ શી રીતે થઈ શકે	૩૧
માણુશમાં શમાએલા ગુણોના નામ	૧૩
તબાઈ તથા ઊલવી દઆને રૂહી ગુણો...	૧૩
ફીરીશતા જીન ભુત વીગેરે જુદા જુદા છે	૧૪
તબઈ ગુણોનું ઉપયોગ...	૧૪
નફસે અમ્મારાનું બયાન	૧૪
નફસના તાબેદારોની સ્થીતી	૧[illegible]
નફસની બુરાઈના શેર...	

તખઇ હાલતો આતમીક ગુણોથી રંગાઇ નથી તો … … … ૧૫
માણસની પ્રથમ ફરજ .. … … … … … … ૧૬
ખરો સુધારો… … … … … … … … ૧૬
મરતી વખતની તોબા કબુલ નથી … … … … … ૧૬
રૂહી ગુણો અથવા આદમીયત… … … … … … ૧૭
મોમીન અને મુશલમાન … … … … … … ૧૭
મોમીનોની બુઝર્ગી તેને લગતાં શેઅર… … … … … ૧૮
મુશલમાનોને શું લાયક છે … … … … … … ૧૯
સલતાનુલ આરેફીનના ફરમાન… … … … … … ૧૯
•આધાર સ્નેકામતપર છે … … … … … ૨૦
નકામું છે … … … … … ૨૦
ીદઆતીની ખરાબી … .. … … ૨૧
. … … … … … ૨૨
ઇસલા.. … … … … ૨૨
ઇસલામ શુ . … … … ૨૩
ઇસલામના અર્થ એની ખુબી … … … … ૨૪
ઇસલામના ફરમાન … … … … … … … ૨૫
અરકાને ઇમાન … … … … … … … ૨૫
ટાંચણ ઇમાનનો અર્થ શું લાગુ પડે છે… … … … … ૨૫
બીનાએ ઇસલામ … … … … … … … ૨૬
કલેમાં … … … … … … … …૨૬-૨૯
શેઅર … … … … … … .. … ૩૦

મઝહરૂલ-ઇસલામ

યાને

ઇસલામ દરપણ

ભાગ—૧લો.

માહે મોહરરમ શને ૧૩૧૯ હીજરી

બનાવનાર—સૈયદ—અબ્દુલરહેમાન—શેહુ
મીયા રદવી ઠે. બડેખાંને ચકલે—સુરત.

કીમત

૦—૫—૦

પોસ્ટ ખરચ જુદો—વેલ્યુપેબલ પણ મોકલશે.

બનાવનારપર ઊપલા સરનામે કાગળ લખો.

સુરત "દેશી મિત્ર" પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપી.

દીબાચો પ્રારંભ

બીસમીલ્લા હીર્રરહમાં નીર્રરહીમ.

તરજુમો

શુરૂ અલલ્લાહ તઆલાના નામથી કે તે મહા દયાવાન અને કૃપાલુ છે.

અલહમદો લીલલાહે રબબીલ આલમીન. વસ્સલાતો વસસલામો અલા સૈયદેના મોહમમદીન સૈયદુલ અવવલી ન વલ આખેરીન, વ અલા આલેહી વ અસહાબેહી વ અવલીયાએ ઉમ્મતે હી અજમઈન--આમીન.

તરજુમો

સર્વે સ્તુતી અને વખાણુપાત્ર માત્ર અલલ્લાહ તઆલાજ છે કે **તે** સર્વેનો રક્ષક પાલનહાર છે. અને **તે**ના આશીરવાદ તથા સલામ, હમારા તથા સર્વેના સરદાર જનાબ મોહમદ (સલ) પર તથા તેવણુની આલપર તથા તેવણુના સઘળા સહાબા (મીત્ર) પર અને તેમની ઉમ્મતના અવલીયાઓ ઉપર જારી રહેજો; આમીન.

હવે સર્વ ભાઈઓનો આજ્ઞાંકિત (તાબેદાર) નમ્ર શૈયદ અબદુલ રેહેમાન ૧ લકે-દીકરો-શૈયદ નુરૂદદીન-અલમારૂફ શૈયદ શેદુમીયા-બીન શૈયદ બહઉદદીન-રદવીચ હુજ નમ્રતાથી વીનંતી કરે છે અને વાંચકોનુ લક્ષ ખેચવા ચાહે છે, કે અરબી અને ફારસીની બુજ જેમ જેમ ઓછી થતી ગઇ તેમ તેમ લોકોનું ધ્યાન તેપરથી ખસતું ગયું અને ઉરદુ ભાશા તરફ મન લલચાયું ત્યારે હીંદુસ્થાનના દીનદાર મોલવીઓ એ મઝહબી કીતાબો ઉરદુમાં લખવા માંડી અને અગણીત લખી કહાડી અને હજી પણ લખ્યાજ કરે છે; જેથી ઉરદુ જાણનારા મુશલમાનો અને પારકા લોકોને પણ બહુજ લાભ મળ્યો અને મળે છે.

પણ અફસોસ ! ગુજરાત જીલ્લામાં હજારો મુસલમાનો એવા વસે છે કે જેઓ રાત દીવશ ઘરમાં પણ ગુજરાતીમાંજ મગન રહે છે, પોતાના બચ્ચાઓને કેળવણી પણ ગુંજરાતીમાંજ આપે છે દુકાણમાં કેહેતા તેઓનું ઓડણું પાથરણું ગુજરાતી ભાશાજ છે એમ છતાં આવા મુસલમાન ભાઇઓ માટે મઝહબી કીતાબો ગુજરાતીમાં લખાતી નથી. એનું પરીણામ એ આવ્યું છે કે હજારો મુસલમાનો માત્ર દહાડી અને મુસલમાનોને ખપતી ખુરાકને આધારેજ મુસલમાનોમાં ખપી શકે છે. મઝહબે ઇશલામ શું તે શમજતાં નથી. વધુ ખેદકારક તો એ છે કે ઘણાખરા તો કલેમા (ઈશલામી શલોક) વટીક જાણતા નથી તો ફરી તેના અર્થ તો શું સમજતાં હશે. આ ઉપરાંત બીજી બાબતો કે જે અરબી ફારશી કે ઉરદુ કીતાબોમાં બંધ છે તેથી તેઓ કઇ રીતે વાકેફ થશે. આ સઘળું મર [illegible] નારાઓએ વીચાર કરવો જોઇએ.

ઈશ્લામથી પુરેપુરા વાકેફ નહી હોવાને લીધેજ દહાડે દહાડે મુસલમાનોની પડતી દશા વધારો કરતી જાય છે.

ગુજરાતી જાણનારા મુસલમાનો માટે મઝહબી જરૂરી કીતાબો ગુજરાતીમાંજ તાલીફ કરવી જોઇએ. એથી એવા મુસલમાનોને ફાયદા ઉપરાંત બીજા લોકો પણ મઝહબે ઈશલામની ખુબીઓથી વાકેફ થશે અને જે લોકો ઈસલામ સંબંધી નાવાકેફોના મનમાં વેહમ નાખે છે તે પોતાની મેળે ખુણો શોધશે.

અત્રે મારે કબુલ કરવું જોઇએ કે કેટલીક મુદતથી કેટલાક લોકો ગુજરાતી હરફ અને ઉરદુ ભાષામાં ચોપડી ચોપાનીયા બહાર પાડવા લાગ્યા છે પણ આ દોગલી ઢબથી મુશલમાનોને લાભ મળતો નથી. કેમકે ઉરદુ ભાશાથી જેઓ તદન નાવાકેફ છે તેઓ ઉચ્ચાર કરી શકતા નથી તો ફરી અર્થ તો કેમ શમજી શકે. વળી આવી ચોપડીઓમાના ¾ ભાગ તો માત્ર જુઠા કીસ્સાઓથી ભરેલા છે જેથી મુશલમાનોનુ કીમતી વખત નકામું જતાં ઉલટા અઝાબમાં ગીરફતાર થાય છે.

મારા મીત્ર મોલવી ગુલામ મોહમ્મદ શાહેબ રાંદેરવાળાનો હું જેટલો આભારી થાઉ તેટલોજ વાજબી ગણાઈશ કેમકે તેઓએ મઝહબી કીતાબો ગુજરાતી ભાશામાંજ લખવા માડી છે. એનો ફાયદો આગળ જતાં લોકો શમજશે માટે બીજા મોલવીઓને આજેઝીથી અરઝ કરૂ છઉ કે તેઓએ પણ આ બાબત તરફ ચીત ફેરવવું જોઇએ.

ઉપર દરશાવેલી નમુના દાખલ હકીકત ઉપરથી આ કીતાબ મેં ગુજરાતીમાં તાલીફ કીધી—જો કે હું આવી લીયાકત ધરાવતો નથી કે મઝહબી કીતાબો તાલીફ કરી શકું અને વળી પારકી ભાશામાં—પણ મને મારા ભાઈઓ કે જેઓ ઉરદુ વટીક જાણતા નથી—અને તેઓની મઝહબ શંબંધી સ્થીતી ખેદકારક છે—તેણે આ કામ કરવાનું ઉત્તેજન આપ્યું—અને ખુદાની મેહેરબાનીથી હું મારી સમજ અને તાકત પ્રમાણે મારી આશામાં શફળ થયો એટલે આ નહાની પણ ઇશલામની પ્રથમ અને જરૂરતી—અગત્યની બાબતો ને કીતાબના રૂપમાં મારા ભાઇઓ આગળ મુકવાને શ[illegible]ભાગ્યમાન થયો.

એમાં સમાએલી હકીકતો ઉપરથી આ કીતાબનુ નામ મે "મઝહરૂલ—ઇશલામ-યાને" **"ઈસલામ દરપણ"** રાખ્યુ છે. અને ગુજરાતી ભાશા બહુજ સાદી અને સાધી વાપરી છે કે દરેક થોડું ઘણું ગુજરાતી જાણનારા સર્વ સરખી રીતે લાભ લઇ શકે. વળી અરબી કે ફારસી વાકય કે શબ્દનો તરજુમો કે અર્થ ગુજરાતી રીત પ્રમાણે લખ્યા છે છતાં મતલબ કે અર્થમાં જરા પણ ફરક આવ્યો નથી. અરબી ફારશીને ગમે તેટલી સંભાળથી ગુજરાતીમાં લખીએ તોપણ ઘણા અક્ષરો ના ઉચ્ચાર તેની મુળ ભાશા પ્રમાણે થતા નથી તેથી મેં ઘણુ કરીને અરબી લાંબી ઇબારતોના તરજુમાં ઉપરજ આધાર રાખ્યો છે. અને જે શબ્દ તેની અશલ ભાશામાં રાખ્યા વગર છુટકોજ નોતો તેને તેની અશલ હાલતમાંજ રેહેવા દઇ તેનો અર્થ કે તરજુમો સાથેજ તેની સોડેસોડ લખી દીધો છે. એથી ગુજરાતી જાણનારાઓ જો કાળજીથી વાંચી યાદ કરશે તો બહુ શબદોના અર્થ શીખી જશે. વળી ઉરદુ ભાશાપર પ્યાર રાખનારાઓની મરઝી સાચવવા અને રાઝી કરવા માટે ઘણે ઠેકાણે ઉરદુ કે ફારશી શબદો એવી રીતે ગોઠવ્યા છે કે ગુજરાતીની રસીલતામાં વધારો થઈ ગયો છે અને ઉરદુ કવીતાઓ પણ યોગય ઠેકાણે ટાંકલા છે ટુકાણમાં કહેતાં આ કીતાબ એમાં શમાએલી મઝહબી બાબતો એની મધુર ઇબારત વીગેરેથી એક નહાની પણ અતી સુંદર મનોરંજક ફુલવાડી બની ગઇ છે.

માણસ ભૂલને પાત્ર છે તેથી મારાથી લખવામાં કે તરજુમામાં કે બીજી રીતે જે ભુલ થઈ હોય તો મને વાંચનારા ક્ષમા આપશે—અને મારા તથા મારા ઉસ્તાદ માંબાપના હકમાં મગફેરતની દુઆ કરશે

ખોદાવંદે કરીમ તું આ કીતાબને કબુલ ફરમાં અને એથી મારા મુશલમાનભાઇઓને ફાયદો પોહોંચાડ અને જે લોકો નુરે ઇશલામથી ના વાકેફ છે તેને હીદાયત બક્ષ દીને ઇસલામની જાહોજલાલીમાં વધારો કર

હીંદકો ઇસ તરેહ ઈસલામસે ભરદે અલલાહ,
કે ન આવે કોઇ આવાઝ જુઝ અલલાહ અલલાહ.

અગત્યની સુચના.

તે જે ઠેકાણે આ અક્ષર મોટો લખ્યો હોય તો તે અલલાહના નામને ઠેકાણે વાપરયો છે એમ સમજવું.

ત:-જયાં એવી નીશાની હોય તેનો અર્થ તરજુમો સમજવો

(શલ)-જ્યાં આ શબ્દ હોય ત્યાં "સલ લલ લાહો અલેહે વસલલમ" ભણવું

(અલૈ)-આમ લખ્યું હોય ત્યાં "અલૈ હીસ સલામ" ભણવું.

(રદી)=જ્યાં એમ લખ્યું હોય તો "રદી અલલાહો તઆલાઅનહો ભણવું.

(રેહ)=જ્યાં એમલખ્યું હોય "રેહમતુલાહે અલેહે" ભણવું.

કલેમા તેઓના તરજુમા સાથે એવા મોહોડે યાદ કરી લેવા કે ભણતાની સાથે તેના અર્થ આપોઆપ દીલમાં ઉત્પંન થાય એજ રીતે "અકીદા" પણ મોહડે ગોખી રાખવા વળી કોઇ પણ ભણેલા માણશ આગળ ભણી સંભળાવવામાં શરમ રાખવી નહી ભણી સંભળાવ્યાથી ઉચ્ચાર સુધરી જશે અને ભુલ મટી જશે..

ઈસલામ દરપણ ભાગ પેહેલો

હમદ વ નઅત

બીસમીલલા હીરરહમાં નીરરહીમ

=ત-

શુરૂ અલલાહ તઆલાના નામથી કે તે મહા દયાવાન અને કૃપાળુ છે.

એ "માલીકલ મુલક" અરે રાજ્યના ધણી તારી સ્તુતીનું પાર નથી. તેં આકાશને વગર સ્તંભે ઉભો રાખ્યો છે. સુરજ ચંદ્ર માટે હદ મુકરર કરી દીધી છે દરેક તારા હુકમ પ્રમાણેજ ચાલે છે. તારો હુકમ સર્વ ઉપર જારી છે. જે કાંઇ આકાશ અને પૃથ્વીમાં છે તે તારાજ વખાણ કરે છે. સર્વનો ખાલીક બનાવનાર અને રબ પાલનહાર તુંજ છે. તું ચાહે તેને રાજ આપે અને ચાહે તેની પાસેથી રાજ્ય છીનવી લે. તું ચાહે તેને પ્રતિષ્ઠા ઈઝઝત આપે અને ચાહે તેને ઝીલલત આપે હલકુ કરી પાડે. તું સર્વ શક્તીમાન કાદરેમુતલક છે. તુંજ રાતમાંથી દીવશ અને દીવશમાંથી રાત કહાડે છે. તુંજ જીવાડે છે અને તુંજ મોત પણ આપે છે તું ચાહે તેને તેટલો રીઝક-રોઝી-ધાન. આપે છે. તું દરેક વખતે દરેક ઠેકાણે મોજુદ-સર્વ વ્યાપક છે. તું શઘળાઓને અને શઘળું કાંઇ જોય છે. તું હમારા દીલોમાંની વાતો અને સીનાઓમાંના ભેદો વટીક જાણે છે તારાથી કાંઇ પોશીદા છાનું નથી તું હં વ કૈયુમ સનાતન છે. તું વાહેદ-સર્વ રીતે એક છે તારો કોઇ શરીક-સાજી નથી તને માબાપ નથી તને બયરી ઓલાદ નથી આ વાતોથી તું પાક છે તને આવી વાતોની જરૂરતજ નથી. તું તો ચાહે તે

પેદા કરી શકે છે. અને બનાવી શકે છે તું કોઈનો મોહતાજ નથી સર્વે તારા મોહતાજ છે. તું સઘળાઓને ખવડાવે છે, તું ખાતોપીતો નથી. તને ઉંઘ-નિદ્રા-અને થાક નથી. તારા જેવી શક્તી કોઇમાં નથી કોઇ તારો બરોબરીયો કે જોડીયો નથી તું બે મીસલ-અનુપમ છે. તું કોઇમાં કે કોઈ પણ તારામાં ભરાતો-ભરાઇ શકતો નથી. તારો અવતાર કોઇ પણ લઈ શકતો નથી. તારા કામમાં તારી મરજી વીરૂધ કોઇ હાથ નાખવાની હીમ્મત કે તાકાત ધરાવતો નથી તું ચાહે તે કરી શકે છે. તારી કુદરત-શકતી હીકમત-સુનઅત-કારીગીરીઓ ન્યારીજ છે. તારા શીવાએ બીજો કોઇ મઅબુદ-પુંજય માન નથી. તુંજ મઅબુદ છે.

બદીઉસ સમાવાત વલ અર્ઝ હે
એબાદત ઊસીકી ફકત ફર્ઝ હે
નહી કોઇ મઅબૂદ ઉસકે સેવા
નહી કોઇ મોજુદ ઊસકે સેવા
ખુદાઈમેં બેમીસલો ઝીદહે વોહી
વલમ યુલદ વલમ યલીદ હે વોહી
નહી ઉસકી તમહીદ હદહે બશર
કે અપનીભી ઉસકો નહી હે ખબર

લાખો અને કરોડો દુરૂદ અને સલામ તેના પ્યારા પેગંબર જનાબ મોહમ્મદ (શલ) પર હોજો તેવણુના મહા સુંદર સ્વર્ગસુખ આપનારા ચેહેરાથી કુફરનું અંધારૂં મટી ગયું અને શીરકની મહા જંજાળી હવા છેક ઘટી ગઇ. ખુદાની વેહદાનીયતનું નુર સર્વે દીપી નીકળ્યો, ઇમાનના અંજનથી અંતઃકરણની આંખમાં ખરો નુર પેદા થયો. ખરાખોટાની પરીક્ષા થઇ ગઇ. આપના માન મરતબા પદવીના વખાણ અને બ્યાન શું થઇ શકે, આપની આગળ થઇ ગયલા સઘળા પેગંબરો પોતપોતાની ઉમ્મતને આપની પધરામણી જાહોજલાલીથી વાકેફ કરતાં ગયા છે. મુસા (અલે) અને ઇસા (અલે) જેવા મોટા પેગંબરો આપની ઉમ્મતમાં હોવાની આરઝુ રાખતાં હતાં અહા! શું મરતબો કેવી પદવી છે. અરે! આપની તારીફથી સઘળી આશમાની કીતાબો ચમકી ઝલકી રહી હતી; હજી પણ તવરાત-ઇનજીલ અને ઝબુરમાં આપના વખાણ, આપની નબુવતનો એહવાલ મોજુદ છે. ગુનેહગારોના છુટકારાનો આધાર આપના ઉપર છે આ

---

* માણસ પોતાની હકીકતથી પુરો વાકેફ નથી તો તારી તારીફ તે શું કરી શકે તારા વખાણની હદ નથી. બીજા શેરોની મતલબ ઉપર આવી ગઇ છે.

૫ શફીએ બરહક છે. આપના ચમતકારો, આપના સદગુણો, આપના દયાળુ દીલની તારીફ હું નાલાયક અભણથી તો શું થઇ શકે, આખો કલામે શરીફ આપના વખાણો થી ભરપુર છે. આપ "રેહમતુન લીલ આલમીન"—આખી સરઢી માટે આશીરવાદ છે.

હુસને યુસૂફ દમે ઇસા યદે બૈઝા પાયા
જો મીલા સબકો વોહ સબ આપને તનહા પાયા

કવિતા

૧ વોહ હે મરકઝે આલમે કુન ફકાં
વોહ હે બાઇસે સેહ હતે જીસમો જાં
૨ ચલે હુકમકે સાથ જીસકે દરખત
હુવે નકશે પા બર સરે સંગે સખત
૩ કીયા જીસને માહે દો હફતા કો દો
બૂલાયે ન કીંઊં ઉમરે રફતા કો વોહ
૪ મંગા એક બરતન મેં પાની કલીલ
રખા હાથ ઉસમેં બ ઇઝને જલીલ
૫ હરેક ઊંગલીસે ચશમાં જારી હુવા
જીસે જીતના મનઝુરથા પી લીયા
૬ હજર ઓર શઝર ને ભી યેહકી નીદા
સલામુન અલૈક અય રસુલે ખુદા
૭ વોહ લારેબ મહબૂબે મઅબૂદ હે
વોહી ખલકે આદમ સે મકસુદ હે
૮ ગરા તીબ હોં ઉસકે ક્યાં મુજસે કયા
કે હેં ઉસકી ઉમ્મત મેં કલ અંબીયા

કવીતાનો ટુંક ખુલાશો—તેવણ (મોહમદ શલ.) દુનીયા-બ્રહ્માંડની ઉતપંતીના કારણ છે. એવણને ખુદા પેદા નહી કરતે તો કાંઇ પણ પેદા કરતે નહી. તેવણ દેહ અને આતમા બંનેની સંભાળ અને રક્ષણના કારણ છે. તેવણની આજ્ઞાથી ઝાડ ચાલતાં હતાં તેવણના પગના આકાર સખત પથરપર પડી જતાં હતાં—તેવણે પુનેમના ચંદ્રના બે કટકા કરી દેખાડયા હતા. તો મુવેલાને જીવતો કરી દેખાડે એમા શું નવાઇ છે. તેવણે એક નહાના વાસણમાં પાણી મંગાવી તેમાં ખુદાતાલાના હુકમથી પોતાની આંગલીઓ મુકી. તો તેમાંથી ઝરો વેહવા માંડયો અને ત્યાં જેટલા માણસ પશુઓ હતાં તે શઘળાઓએ મન માનતું તેમાંથી પાણી પીધું. પથ્થર અને ઝાડ આપને જોઇને પુકારતાં કે ઓ ખુદાના રસુલ આપના ઉપર સલામ હોજો. તેવણ ખરેખર ખુદાએ તઆલાના પ્યારા છે. તેવણનેજ લીધે આદમને પેદા કીધા, તેવણના વખાણ મારાથી શી રીતે થઇ શકે તે એવા હતા કે તેવણની ઉમ્મતમાં એવા એવા લોકો છે કે જે આગળ થઇ ગયલા પેગંબરોના જેવા છે—

અગણીત સલામ અને આશીરવાદ આપ (હઝરત શલ)ની આલ તથા સહાબાપર હોજો કે તેઓ સર્વેને સીધે માર્ગે દોરવનારા હતઃ તેઓની તારીફ ખુદાવ દે કરીમે પોતાના કલામે પાક (કુરાન શરીફ) માં કીધેલી છે અને હઝરતે (સલ) પોતાની આળને વહાણ અને સહાબાઓને તારા ફરમાવેલા છે. કેમકે આ સમુદ્રરૂપી દુનીયા કે જે હજારો તરેહના ઉછાલા મારે છે એમાંથી સહી સલામત પાર થવા માટે બંને વાતોની જરૂરત છે. આપની આલ તથા શહાબા બંને જહાઝ અને તારાના કામ આપતાં હતાં તેથી બંનેની મોહબ્બત અને આજ્ઞા ઉપર કાયમ રેહેવાની જરૂરત છે. એકને માન આપવો અને બીજાથી મનમાં જુદાઈ રાખવી આ વાતની હઝરતે (શલ) સખત મનાઈ કીધેલી છે.

કવીતા

૧ જબકે અસહાબો કો હઝરત કેહ ગયે
હેં કવાકીબ યેહ હીદાયત કે લીયે
૨ ઓર ઈતરત કે તઈં કીશતી કહા
દોનો ઈન જુઝ ઓંસે યેહ સાબીત હુવા
૩ ઈતરતો અસહાબ બેશક બે ગુમાં
લાઝીમો મલઝુમ દોનોં હેં યહાં
૪ ફીર જો ઈન દોકો ન માનેગા કોઇ
રાહ વોહ હરગીઝ ન પાએગા કભી
૫ એક કા ઇન દોસે હો ગર બુગઝોકીં
હોગી ફીર ઉસકી હલાકત બીલયકીં
૬ જો ન સમજે ઇનકો નજમે ચરખે દીં
ગુમ કરે કીશતી કો અપની બીલયકીં
૭ કશફ યારો હે ગોઅલ લમપર યેહ રાઝ
બે કવા કીબ ચલ નહી સકતા જહાઝ
૮ યા ફકત બસ જાનલે અનજુમ કો જો
ઓર તમસ સુક ઉસકો કીશતી કા નહો
૯ ગરક દરીયાએ દલાલત વોહ રહે
ઉસકો ફીર સાહેલ અમાં કા કબ મીલ.

આ કવીતાનો સાર ઉપર બ્યાન થઈ ગયો છે.

બીસ મીલ્લા હીર રહમાં નીર રહીમ

=ત=

શુરૂ અલ્લાહ તઆલાના નામથી કે તે મહા દયાવાન અને કૃપાલુ છે.

ઈસલામ દરપણ-ભાગ પેહેલો

માણુશની-આતમાગતી—અલ્લાહ તઆલા છેજ માણુશ અજ્ઞાનપણે પોતા
ની આશામાં નીશફળ થાય છે માણુશ સ્રોતમ છે-માણુશ-માણુશપણુ-
ખુદાએ તઆલાના ખરા માનનારાઓ ઉપર તેનુ પ્યાર ખુદા તા
લાની મારેફત-મેળાપનો રસ્તો-આ વીષ્યો વીશે.

આતમા ગતી

અલ્લાહ તઆલાની મારેફત (ઓલખ) ઇબાદત (પુંજા) અને કુરબ (મેલાપ) ની ઈછછા દરેક માણુશની ફીતરત (મુળતતવ) માંજ સમાએલી છે; અને એજ કારણે મા ણુસોના ટોલે ટોલાં તેની શોધમાં પડેલા છે. જેને જોશો તે પોતાના પેદા કરનાર પાલ નહારને મલવાની આશામાંજ દહાડા કહાડે છે. દરેક જણની ઇછછા એજ છે કે કોઈ પણ રીતે તે પોતાના પેદા કરનારને રાજી કરી જ્યાંથી જેવો નીરકલંગ આવ્યો હતો તેવોજ ત્યાં પાછો ફરે; પોતાના રબના દીદાર (દરશન)થી આનંદ પામે સ્વર્ગ અને તેમાની દરેક મન મોહીત વસ્તુઓ મેળવી જાશુકનો સુખ ભોગવે.

આ શુભ ઇચ્છા માણુશના અંતઃકરણમાં એવી તો મકકમપણે ઘર કરી બેઠી છે કે આ દુનીયાની હજારો તરેહની મનોરંજક વસ્તુઓ છોકરાં છૈયાં ધન દોલત બૈરી સનેહી સર્વે કાંઇ મોજુદ છતાં જ્યારે પરલોકનો વીચાર આવી જાય છે ત્યારે આ દુનીયાની સ ઘળી ચીજો તેને દુઃખદાયક થઇ પડે છે. માણુશ પોતાની મેળે ઉદાશ થઇ જાય છે; તેની છુપી તલપનાનું પાર રેહેતું નથી.

પ્રિય વાંચનારા આગની મનમાં શી રીતે ઉતપંન થાય છે ? આ છુપી વાણી કયાં થી અને કોણ કરે છે ? અરે આ ખરેખરી લાભકારક ચેટક મનને કોણ આપ્યા કરે છે ? મારા પ્યારા આ ચેટક આપનારૂં તમારૂ પોતીકું વચન છે; જે તમોએ આલમે અરવાહ (આતમા સ્થીતી) માં ખુદાએ તઆલાને આપેલું છે. ખુદાવંદે કરીમે રોઝે અ ઝલ (આ દુનીયામાં આવતાં પેહેલાનો વખત) માં શઘળી અરવાહો (આતમા) ને શ વાલ કીધો કે "**અલસ્તો બે રબ્બે કુમ.**" (શુરે, એઅરાફ) =ત= કેમ હું તમારો "**રબ**" (પાલનહાર-પેદા કરનાર) છઊં ? સઘળી અરવાહોએ જવાબ આ

રચો કે "અલ્લા" =ત=ખરેખર તુંજ હમારો રબ છે. આ સ્તુતીપાત્ર ઇમાનદારીનુ વચન કુદરતે આતમામાં સમાવી દીધો છે. વળી દરેક માણસની ફીતરત-બનાવટ તે કાદરે મુતલકે (પુર શકતીમાન) એવીજ રાખીછે કે તેની તરફ ઝુકયા વગર માણશનો છુટકોજ નથી. એજ કારણશર માણસ પોતાના પેદા કરનારની શોધ ખોળમાં મચ્યો રહે છે.

આ વલણ અંતઃકરણમાં શમાએલી છે તે પોતાનું બળ માના પેટમાંથી નીકળતાંની સાથેજ દેખાડવા માંડે છે. બચ્ચું પેદા થતાંની સાથેજ આતમીક ગુણ જે બતાવે છે તે એ છે કે પોતાની મેળે પોતાની મની તરફ ઢલ્યો જાય છે; સ્વાભાવીક રીતે પોતાની માની મોહબ્બત રાખે છે. જેમ જેમ જ્ઞાને નિદ્રય (હવાસ) ખુલતી જાય છે અને આતમીક શકતી ખીલતી જાય છે તેમ તેમ આ કુદરતી વળણ જે તેની અંદર ગુપત છે પોતાનું રંગ રૂપ બળ દેખાડતી જાયછે—ફરી તો બચ્ચાને પોતાની માની ગોદ વગર કળ પડતી નથી. જો તેની આગળ ગમે તેવી મનોહર વસ્તુઓનું ઢગ વાળી દો તોપણ તે પોતાની ખરી ખુશી તો માની ગોદમાંજ સમજે છે. મા વગર તેનુ મન સ્થીર રેહેતું નથી. આ ખેચાણ બચ્ચાના મનમાં છે તે શું છે? ખરેખર આ તેજ વળણ છે કે જે માબુદે હકીકી (ખરો પુજ્યમાન) ને માટે તેનાં અંતઃકરણમાં મુકાએલી છે. માણશ દરેક ઠેકાણે આશીક (પ્રેમી) જેવો પ્રેમ બતાવે છે તે શઘળું તે મુળ પ્રિતીનું પડછાયું (અકસ) છે જાણે મુળ પ્રિતી દરેક વસ્તુઓને ઉંચકી ઉંચકી તેમાં પોતાની ખોવાએલી મતા (ધન) ની શોધ કરતી ફરે છે; જેનું નામ અને નીશાન વીશરી ગઇ છે. માટે માણશ માબાપ વીગેરે સાથે જે હેત પ્યાર બતલાવે છે આ સઘળું તેજ મુળ વળણનું ગુપત બળ છે.

માણસની આગની શીદ્ધ કરી આપે છે કે

અલલાહ તઆલા છેજ

જો તે નહી હોત તો લોકોના દીલ તેંની શોધ ખોળ શેવા પુંજા મેલાપ તરફ કદી વલણ લેતેજ નહી અને તની પ્રિતી તથા ભયનું અસર કદી દીલપર થતેજ નહી. પણ

માણશનુ અજ્ઞાનપણુ

જહાલત તેને તેનાથી દુર રાખે છે માણશ પોતાનીઆ જાહેર આંખો અને અસંપુરણુ અક્કલથી તેને જેવા મળવા ચાહે છે; અને પોતાની માનસા (ખાહીશ) પ્રમાણેની પુંજાથી તેને રાજી કરવા ચાહે છે તેથી પોતાની આશામાં નીશફલ નીવડે છે

એટલુજ નહી પણ પોતાની જહાલતથી તેના હકો બીજાઓને આપે છે, અંતે એની ખાત્રી થઇ જાય છે કે આતમાની તરસ મટી નથી—આતમાની તરસ મટાડે તે અમ્રત નુ સ્વાદ વટીક ચાખ્યુ નથી તેનું ઝરૂ કયાં વહે છે તેની શોધ વટીક કીધી નોતી–માણુશને ખુદાએ તલાએ બક્ષેલી (અરપણ) નેઆમતો,માં- જોકે –

અકકલ

પણ અમુલ્ય નેઆમત છે–તોપણ તે ભુલ ચુકથી નીરાળી નથી તેમ તે એક દીવો છે દીવાને હવા પાણીથી બચાવ્યો નહી હોય તો તે ઓલવાઇ જાય છે અગર ઓલવાયો નહી તો તેની રોશની અને તેજીમાં તો ફરક આવ્યા વીના રેહેતો નથી તેથી તેને એવા પરદા (ઓઝલ)માં રાખવાની જરૂરત પડે છે કે તે તેનુ કામ બરોબર આપી શકે. માણુશની અક્કલને પણ દુનયવી લાલચ, અને શેતાન કે જે સર્વે માણુશોનો કટટો વેરી છે તેની ફુંકથી બચાવવાની ઘણી જરૂરત છે. વળી દીવો પોતાની મેળે ચાલતો નથી અને જ્યાં મુકયો હોય ત્યાંથી પોતાની ગતી ઉપ્રાંત અજવાલુ વધારી શકતો નથી તેમ એની આગળ જ્યાં સુધી બે જુદી જુદી વસ્તુઓને લાવીને મુકીએ નહી ત્યાં સુધી પોતાની મેળે તેમની પાશે જઇ સારી નરસીનો ભેદ બતાવી શકતો નથી. તેથી અક્કલને પણ એકજ બાબતમા લપટાવી રાખવી નહી એથી શારા નરસા અને ખરા ખોટાની પ્રીક્ષા કરવાનુ કામ માણુસનુ છે. વળી વીદ્યા વીના અક્કલ અધુરી નિરોપયોગી અને નીરાધાર રહે છે તેમ જે વીદ્યાથી એને દીપાવી હોય તેનીજ ચમક ધમક દેખાડે છે દાખલા તરીકે–એક વકીલ કે બારીસ્ટર કાયદા કાનુન સંબંધી પોતાની અક્કલનો જોર બળ જેવો દેખાડી શકે છે તે ડાકટરી વીદ્યાથી ના વાકેફ હોવાથી તે કામમાં તેને સમજ પડતી નથી અને ડાકટરનો મોહતાજ રેહે છે. માટે માત્ર અક્કલ ઉપર આધાર રાખવો યાને દુનયવી વીદ્યાથી દીપાએલી અક્કલને આધારે ખુદાતાલાને મળવાની અને રાજી કરવાની આશા રાખવી ફોકટ છે અને ખરેખરૂ અજ્ઞાનપણું છે—

માણુસ સર્વોતમ છે

ખુદાવંદે કરીમે–માણુશને દરેક રીતે સર્વોતમ બનાવેલો છે અને તે ખાલિકે યકતા (અલલાહ તઆલા)એ પોતાની બીજી સઘળી મખલુક (ખુદા શીવાએ જે કાંઇ છે તે મખલુક છે અને સર્વેનો ખાલીક–બનાવનાર–અલલાહે છે) માં સર્વ ઉપર સરવે રીતે બુઝુર્ગી આપી છે તે કાદરે મુતલક (પુર શકતીમાન) ફરમાવે છે કે **"વલકદ કરરમના બની આદમા."**=ત=ખરેખર માણુશને હ

મ બુઝર્ગી આપી છે—બેશક માણશ અલલાહ તઆલાની સુનઅત-કારીગીરી-અને એ હસાનાત ઊપકારોથી ભરપુર છે. આખી સરદ્રી અને તેમાંની સઘળી ચીજોનું જામેઅ સંગ્રહ-માણશ છે. આ કુદરતી સંગ્રસ્થાનમાં જમીન આશમાન અને તેમાંની શઘળી વસ્તુઓના નમુના મુકેલા છે

કવીતા

૧ જો કે આદમકી શાનો શવકત હે
  ઈઝઝતો હુરમતો સઆદત હે
૨ નઇ મલકકી હે નઇ પરીકી હે
  ખુબી ઇંસતર હે કબ કીસીકી હે
૩ ખાક હે લેકે પાક હે સબસે
  પસ્ત હે ઓર બૂલંદ કવકબસે
૪ હે ઝમીંપર બડા ફલકસે યેહ
  શરફ પાએ ન કીંઉ મલકસે યેહ
૫ હે ઇસીમેં તજલ લીએ મવલા
  શફત ઇસિસે હે કોન ફીર અવલા

જે માણશ પોતાની હકીકતથી વાકેફ થયો નથી તે જહાલત અજ્ઞાનપણામાંજ છે, એવાઓને તેમની શરાફત (સંતમતા) ખપ લાગશે નહી. કારણ કે પોતાની હકીકતથી વાકેફ થયા વગર માણસ પોતાને સંભાળી રાકતો નથી. અને જ્યાં સુધી પોતાને સાચવીને આ મુસાફરી સમાપ્ત નહીં કરે તો ત્યાં (આકેબાતમાં) તેનો છુટકારો થવાનો નથી. ખુદાવંદે કરીમ ફરમાવે છે કે" **ઈલલા મન અતલલાહા બેકલબિન સલીમ"** =ત=પણ જે પોતાનું દીલ સલામત લઇને ખુદા તાલા તરફ આવ્યો.

માણસનું દીલ

જેને જાહેર આંખોવાળા ચીરી ફાડીને પણ જોય છે તે તો માત્ર માસનું લોથડું છે; એને જોવાથી કાંઇ લાભ નથી એ તો જે અસલ દીલ છે તેની કોટડી છે; જે કોટડીને ચીરતાં તોડતાં પેહેલા તો નીકળી જાય છે.

માણશનો ખરો દીલ

તો રૂહ આતમા-છે. આ અમુલ્ય રત્ન માણશની શરાફતના સઘળા ગુણો ધરાવે છે

એની ઉ-તમતાનો પેહલો ઇઆને દરશનીક પુરાવો તો આ

માણુશનો જાહેર બદન

છે. કેમકે જેવો મકીન તેવો મકાન–જેવો રેહેવાવાલો તેવોજ ઘર હોય છે. માણુશની આતમા બીજા સરવે પશુ પંખીઓ પ્રાણીઓ કરતાં જુદીજ અને ચઢીયાતી છે તો એનું રેડાણુ પણુ સરવે કરતાં ઉત્તમ છે. ખુદાવંદે કરીમ ફરમાવે છે કે

"લકદ ખલક નલ્લ ઈનસાના ફી અહસને તકવીમ." =તઃ= તે હકીક નીશ્ચીત માણુસને હમે બહુજ સુંદર સુશોભીત ડોળમાં પેદા કીધો છે–બેશક ખુદાનો ફરમાન સચ્ચો છે.

માણુસનું ડોળ ઇયાને બનાવટ એવી છે કે જો એનાજ વખાણુ કરવા બેસીએ તો દીવસો વહી જતાં પણુ અધુરૂંજ રહે. અને જો એમાંની કારીગરીઓનું પતો મેળવવા ચાહીએ તો મોટા મોટા ફીલોસફરોની લાંબી લાંબી આવરદાઓનું અંત આવી જતાં પણુ એનો જરા પણુ ભેદ હાથ લાગે નહીં; તો ફરી બિચારા નીરાધાર ફીલાસફરો કે જેઓ દેહ જતનની વિદ્યાનેજ સરવે કાંઇ સમજી બેઠાં છે; તે રૂહની હકીકતને શું સમજે સમજાવે—

માણુશની રૂહની ચોકશી કરવી

એ તો માણુશની ગતી શકતી ઉપરાંતનું કામ છે. તે માણુસથી કદી બની શકેજ નહી: કેમકે આ તો શીદ્ધ છે કે બનેલી વસ્તુ પોતાથી અને પોતાના બનાવનારથી પોતાની મેળે વાકેફ થઇ શકેજ નહી. જેટલુ બનાવનાર બતાવે કે કહે તેટટલુંજ જાણી શકે. રૂહ પણુ ખુદાએ તઆલાની મખલુક છે તેથી તે પોતાથી અને અલાહ તઆલાથી પોતાની મેળે વાકેફ થઇ શકતી નથી. રૂહ એજ માણુશ છે. અને–બદન–દેહ–એનું રેહાણુ છે. બીજાં શબ્દોમાં કહેતાં—

બે મેળવણીનું નામ માણશ છે

(૧) દેહ (૨) આતમા–આતમાં રેહેતાં સુધી દેહ પણુ રહે છે, આતમા ગઇ કે દેહ તુટી પડે છે. જ્યાં સુધી આતમાં એમાં છે ત્યાં સુધી એક બીજાનો સંબંધ નીકટ મજબુત છે. જેમ આતમાને લીધે દેહનું ટકાવ છે તેમ રૂહ (આતમા) ને બદન (દેહ) થી અનેક ફાયદા–પોંહચે છે અને એજ કારણુશર

શરીઅતે ઈસલામ દેહને પવિત્ર

રાખવાની સખત તાકીદ ફરમાવે છે અને એટલાજ માટે રૂહ અને બદન બંને માટે બ

રોબર કામ કરવાની હીદાયત કરે છે. અને કેળવણી પણ આપે છે.

માણુશ બે મેળવણીથી બનેલો છે તો બંને મેળવણીના ગુણ પણ જુદા જુદા હોવા જોઈએ અને છેજ. માટે તે ગુણોથી વાકેફ થવું એતું નામ પોતાની હકીકતથી વાકેફ થવું છે.

માણુશ પોતાથી વાકેફ થવાસારૂ

પોતાના હાડકાં રગો કે સાંધા વીગેરે વીગેરે કેવા અને કેટલા છે તે ગણ્યા કરે અથવા પોતાની બનાવટની શોભાથી અચરત થઇ રહે. અથવા જેમ કેટલાક જાહેલ ફકીર-સાદુઓ બોલતા ફરે છે કે "તેરી નગરીમે બોલતા સોકોન" આ-તો જહાલત છે નગરી પણ માણુશ ને નગરીમાં બોલનાર પણ માણુશ છે (એનો ઇશારો ઉપર થઇ ગયો) પોતાની હકીકતથી વાકેફ થવાનો અરથ અને મતલબ એ છે કે પોતાની દેહના ગુણ સું છે અને આતમાના ગુણ શું છે કયો ગુણ કોની સાથે સંબંધ રાખે છે. કયો ગુણ ખુદા તાલાથી દુર રહેવાનુ કારણ છે અને કયો ગુણ ખુદાની મુલાકાત અને દીદારનો કારણ છે. કુદરતી રીતે મુકાએલા ગુણો શાથે બીજા કયા ગુણો શી રીતે ભેળાઇ જાય છે આ વાતોનો પત્તો મેળવવો એનુ નામ પોતાની હકીકતથી વાકેફ થવુ છે-જ્યારે આ વાતોથી માણુસ વાકેફ થાય ત્યારે આગળ રસ્તો મળે છે

માણુશમાં સમાએલા ગુણોના બે નામ છે

એકને સુફલી અથવા તબાઇ (દેહી) અને બીજાને ઉલવી અથવા રૂહી (આતમીક) ગુણ કહે છે.

તબાઇ ગુણો

માં માણુસ બીજા શઘળા પશુ પંખીઓ પ્રાણીઓ અપ્રાણીઓ સાથે મળતો આવે છે. જેટલા પશુ પંખીઓ પ્રાણીઓ છે તેઓમાં ખુદાએ તઆલાએ પોતાની હસ્તી-; અને તેઓ તેમની વંશ વધારી શકે તેમ દેહજતન કરી શકે એ બાબતોનુંજ જ્ઞાન મુકેલું છે. અને જેને જે કામ માટે પેદા કીધો છે તે તે કરી શકે તેટલી શકતી આપી છે.

ઉલવી-અથવા-રૂહી-આતમીક ગુણો

માં માણુશ ફીરીશતાઓ શાથે મળતો આવે છે. ફીરીશતાઓના ગુણ એ છે કે તેઓ ખુદાએતઆલાની હસતી-કુરરત-(શકતી) સીફાતો (ખુદાઈ ગુણો)થી સારી પઠેમ વાકેફ છે અને તેની આજ્ઞા વીરૂધ જરાપણ વરતતા નથી-ફીરશતાઓમાં બીજા પશુ પંખી

ઓના જેવા ગુણો મુકાએલા નથી. ફરીશતાઓની તારીફમાં ખુદાએતઆલા ફરમાવે છે કે **"લા યઅ સુનલલાહા મા અમા રહુમ વ યફઅલૂના માયુ મરૂન."** =ત=તેઓ ખુદાએતઆલાની નાફરમાની કરતાંજ નથી, તેજ કરે છે જે કર વાનો હુકમ થાય છે—

ટાંચણ.

ફરીશતા—જીન—પરી—ભુત—શેતાન ને ઘણા લોકો એકજ શમજે છે. ને એવી સમજથી તેઓ મોટી ભુલમાં પડેલા છે. એ શઘલી જુદીજુદી મ ખલૂક છે. કોણ કયાં અને શી રીતે વસે છે એ શઘળુ અહવાલ મોટી તફસીરોમાં લખાએલું છે. શેતાન જે બની આદમ (સર્વે મનુષ્યને) નો કટટો વેરી છે—તે જીનની કોમમાંનો છે. અને આ શઘળી ખુદાનીજ મખલુક છે (વાંચો તફસીરે મઝાહેરૂલ અજાએબ)

રૂહ અને બદન જેમ એક બીજા શાથે સંબંધ ધરાવે છે તેવુંજ તબાઇ (દેહી) હાલતોને રૂહી (આતમીક) હાલતો સાથે બહુજ સંબંધ છે. અને માણુસનો અંત આવતાં સુધી એ ગુણો (તબઇ) એમાં કાયમજ રહે છે. માટે

તબઈ ગુણોનું ઉપયોગ

કરવામાં માણુશને નુરે હિદાયત-ઇઆને ખુદાઈ ફરમાનો જેને ઇશલામ કહે છે—તેની તાબેદારીની બહુ જરરત છે. માણુશ જ્યાં સુધી માત્ર પોતાની અકલ ઉપરજ આધાર રાખે છે અને નુરે મારફત (શરીઅતે ઇશલામ) ના અજવાળામાં ચાલતો નથી ત્યાં સુધી તબઇ હાલતો કે જે એક છુટા ઢોરના જેવી છે અને હજારો તરેહની ખાહીશો (ઇછછા) ધરાવે છે તે માણસને અનેક ભુંડાઇઓ (બદીઓ) તરફ ઝુકાવતી રહે છે. જેમ જેમ માણુસ એની તાબેદારી ઊઠાવતો જાય છે. તેમ તેમ (જહાલત) અજ્ઞાનપણુ વધતુ જાય છે. અને રૂહ (આતમા) જે એક સ્વચ્છ આરસીની પડેમ છે તે ઉપર અજ્ઞાન પણાનું ઝંગ (કાટ) ચઢતો જાય છે અને વધતાં વધતાં તે નુરાની દરપણને કાલી ઠીકરી બનાવી દે છે. અને માણુશને તેની અસલ સ્થીતી (વાંચો રૂહી ગુણ)થી તદન નાવાકેફ કરી મેલે છે. આ કારણોથી તબઇ હાલતને નફસે અમ્મારા કહે છે.

નફસે અમ્મારા

વીશે ખુદાએ તઅલાફરમાવે છે કે **ઈનનન નફસા લ અમ્મારતૂન બિ**

સ સૂએ,"=ત=ખરેખર નફ્સ ભૂંડાઈઓ તરફ દોરવે છે. નફ્સે અમ્મારાની તાબે દારીનું પરીણામ (નતીજા) ૧ કુફ્ર ૨ શીરક ૩ નીફાક છે આ એવા જાડા ઘટ અને કાળા પરદા છે કે જ્યાં સુધી માણસના દીલપરથી ઊઠે નહીં ત્યાં સુધી તે પોતાના રબ (પાલનહાર) નું નુરે જમાલ (મુખ નુર ઝળક-તેજસ્વી) જોવાલાયક થતો નથી. આવા કાળા અને ઉજડ થઇ પડેલા દીલો માટે ખુદાએ તઆલા ફરમાવે છે કે **"ઝહબ અલલાહો બે નુરે હિમ વ તરાકહુમ ફી ઝોલો મા તીન, લા યૂબ સેરૂન;"**- =ત= અલલાહ તઆલાએ એમની રોશની લઇ લીધી અને એઓને અંધારામાં પડતાં મુકયા-એઓને જણાતું નથી;—**"સુમ્ મૂન બુક મૂન ઉમયુન; ફહૂમ લાયરજેઊન."**—=ત=બેહરા-ગુંગા-આંધલા છે; તેથી હવે તે ફરવાના નથી. એટલે શીધો માર્ગ એઓને હવે હાથ લાગશે નહી-શી રીતે હાથ લાગે અજ્ઞાનપણાએ ત્રણે ગુપ્ત હવાસ (જ્ઞાનેન્દ્રિ) ને ખરાબ કરી નાખી સાચી વાત સાંભળતા નથી સાચું બોલી શકતા કે સાંભળી શકતા નથી. નફ્સે અમમારા એવી બુરી બલા છે ખુદાએ તઆલા મને અને મારા શઘળા મુસલમાનભાઇઓને એનાથી બચાવે. સાદી (અલે) ફરમાવે છે કે

મકુન નફ્સે અમ્મારા રા પેરવી
કે ના ઘેહ ગીરફ્તારે દોઝખ શવી

=ત=

ન તાબે હો તું નફ્સે અમમારેકા
કે યે તુજકો દોઝખમે લે જાયગા
ફક્ત શેતાનહી ન દુશમન હે
નફ્સે સરકશભી અપના રહઝન હેં
દોને મુઝી બોહત સ્તાતે હેં
રાહ બે ફાયદા બતાતે હે.

તબઈ હાલત જ્યાં સુધી આતમીક ગુણોથી રંગાઇ નથી. (જુઓ આતમીક ગુણો) ત્યાં સુધી તેના કામો માણુશની બીજી જીંદગી માટે ખપના નથી. દયા-દાન-મીલનસારી-જુરઅત (લડી પડવાની હીમ્મત) સહનશકતી (સબર)-સંતોષ (કનાઅત) વીગેરે પશુ પંખીઓ પ્રાણીઓ પણ કરી દેખાડી શકે છે (અનુભવ સાબીત કરશે) એટલુંજ નહી પણ ઘણી બાબતોમાં માણુસ કરતાં પણ વધી જાય છે

માણસની પ્રથમ (પેહેલી) ફરજ

એ છે કે પોતાની આતમીક સ્થીતીને તેની અસલ હાલતમાં કાયમ રાખે અને તબઇ હાલતોના દબાણમાં જવા દે નહી. જેમ બને તેમ તાકીદે તબઇ હાલતોને આતમાના કાબુમાં લાવે. માણશ માટે

ખરો સુધારો

એજ છે જો આ સુધારો કરવા ચાહે તો તેની આ જીંદગીના ઉપયોગી કામોમાં જરા પણ અટકાવ કે હરકત પડવાની નથી. પણ ખરા સદગુણોથી થતાં જશે જો આ સુધારાનો વીચાર નહીં કરે અને ગફલત (અસાવધાની) માંજ પડયો રહેશે તો અંતે બહુ જ પશેમાન (લજજિત) થશે અને ધીકકાર્યો જશે. કેમકે **તે** હાકેમુલ હાકેમીન–સર્વે હાકેમો ઉપર હુકમ ચલાવનાર–ફરમાવે છે **"કદ અફલહા મન ઝકકાહા;"**=ત=ખરેખર નીહાલ થયો તે જેણે નફસને પાક કીધો–સુધાર્યો– **"વકદ ખાબા મન દસ્સાહા,"**=ત=અને ખરેખર તે ના મુરાદ રહ્યા–નીશફળ પોતાની આશામાં રહ્યા–જેણે એને (નફસ) ધુળ મેળવ્યો=એટલે એની ચાવમાં પડતો મુકયો અને નુરે હેદાયત (ઇશલામ) થી રોશન કીધો નહી.

મોત આવતાં પેહેલાં આ સુધારો કરી લેવો જોઇએ હલકમાં દમ (સ્વાસ) આવીને અટકે તે વખતની તોબા કાકલુદી–પશ્ચાતાપ–કબુલ થતી નથી કેમકે આ વખતે તો માણસે કીધેલા કામો–ફરી સારા કે નરસાના પરીણામ રૂબરૂ આવી જાય છે. સઝા (શીક્ષા) કે જઝા (સારા કામના સારા બદલા) નો અમલ શરૂ થાય છે. માટે મરતી વખતની તોબા કબુલ નથી–ભેદ એમાં એ છે કે ખુદાના કેહેવા ઉપર યકીનનો તો નજરે જોવાથી બીહને પશ્ચાતાપ કરે છે–તેથી આવી તોબા વીશે **તે** ફરમાવે છે કે **"વલય સ્તીત તવબતો;"** (વાંચો સુરે નીસામાં પુરી આયત–૩) =ત="અને તેઓની તોબા નથી–એટલે આ તોબા કબુલ નથી–જેઓ મરતાં સુધી બુરા કામો કરતાં રહ્યા–અને તેઓની તોબા પણ કબુલ નથી. જેઓ મરતાં સુધી કાફીર રહ્યા–આવાઓને માટે હમે દુઃખની માર તઇઆર રાખી છે." માટે મરતાં પેહેલાં તોબા કરવી જોઇએ અને મોત કયારે આવશે એની ખબર કોઇને નથી આ એટલા માટે કે માણશ ગેફલત અને આળશમાં રહે નહી વેળાશર તોબા કરે.

હાલતે ઉલવી ઇઆને રૂહી ગુણો

અને બીજી રીતે કહેતાં "આદમીયત" મનુષ્યપણું એ છે કે માણસ પોતાના પેદા ક રનાર પાલનહાર કે જેની નીઆમતો (બક્ષીશો) પળે પળ તેના ઉપર આવતી રહે છે જે ગણી શકાય એવી નથી-તેને તેની કુદરત (શક્તી) સીફાત (ગુણો) સાથે ઓળખી તેનાજ ફરમાનો પ્રમાણે વરતે.

માણશ જ્યાં સુધી અલલાહ તઆલાને તેની સીફાતો સાથે ઓળખતો નથી અને તેની સીફતો ઉપર યકીન રાખનો નથી ત્યાં સુધી એનો (માણશ) દુશમન (શેતાન-અ ને નફ્શ) એને ચાહે છે તેમ ભટકાવતો ફરે છે. કેમકે અલલાહે તઆલા ને તેની સીફતો (ગુણો) શું છે તેથી અજ્ઞાન રહેવાથી ગમે તેમ ભમી ભટકી રઝ. જાય છે. માત્ર અલલાહ છે આટલું યકીન કરવું કે યકીન આવી જવું મનુષ્યપણાની શોભા (ઝેબાએશ) નથી આ તો પશુ પંખીઓ બીજા પ્રાણીઓ પણ જાણે છે તેમ ના માટે બસ છે. માણસ માટે આટલું જ્ઞાન અધુરૂં છે અને જેટલું અધુરૂ તેટલુંજ નીરોપયોગી નાશકારક છે

તેને સંપુરણ રીતે ઓળખી તેનીજ આજ્ઞાપર જ્યારે માણશ ચાલે છે તો નફ સે અમ્મારાનું બળ ઘટી તુટી જાય છે રૂહી હાલતોનું પ્રકાશ વધતું જાય છે. તબઇ હા લતો રૂહી હાલતોને તાબે થઇ સીધે માર્ગે ચાલવા માંડે છે. માણશને ધીમે ધીમે પો તાના રબની મુલાકાતના રસ્તા એક પછી એક નઝરે (દ્રષ્ટી) પડતાં જાય છે. એની સ ખાવત દયા-સબર-સંતોશ-ઇબાદત (પુંજા) શુજાઅત-સર્વ કાંઇ જે સ્વાબના કામોના નામથી ઓળખાય છે. તેને ખુદાએ તઆલા કબુલ ફરમાવે છે. તેનો થોડો બદલો આ દુનીયામાં આપે છે અને વધારે આકેબત માટે અનામત રાખે છે. એની તોબા કબુલ થતી રહે છે. જેટલા સ્વાબના કામો તબઇ હાલતમાં કરવાથી નીરોપયોગી થઈ પડતાં હતાં તે રૂહી હાલતમાં આવીને કરવાથી ઉપયોગી થઈ પડે છે. કારણ કે જે એનું સર્પોત મપણુ હતું તેને હવે સમજ્યો-એટલે ખુદાતાલાને તેની સીફતો સાથે ઓળખી તેની વેહદાનીયત=અને તેના રસુલોની રીસાલત-કે જે ઉપર સર્વ આધાર છે; તેનો અંતઃકર ણ અને ઝબાનથી ઇકરાર કીધો અને બીનાએ ઇસલામ-તથા અરકાને ઈમાન ઉપર ખ રો અને પાકો યકીન બેસાડયો-. (તવહીદ-રીસાલત-બીના ઇશલામ અને અરકાને ઈમા ન વીગેરે બીજા ભાગમાં બ્યાન થશે) આ ગતીએ આવનાર માણસો ખુદાએ તઆલા ના ખરા તાબેદાર કહેવાય છે.

મોમીન અને મુસલમાન

આવા બે નામથી ઓળખાય છે. પણ બંને મુળ બાબતો (તવહીદ વીગેરે) માં એક બીજા

થી જરા પણ જુદા નથી આ તે **તે**ના ખરા માનનારા પ્યારા બંદાઓની પદવી (દર જ્જા) ના નામ છે

મોમીન ખુદાએ તઆલાની ફરમાં બરદારીમાં જરા પણ કસુર થઇ જવાને પસંદ કરતાં નથી તેઓ પોતાના ઝાહેર બાતીન–એટલે દેહ–અને દીલ બંનેને ગુનાહોથી દુર પવીત્ર રાખે છે ખુદા સીવાએ બીજા કોઇની ભય રાખતા નથી. શરીઅતે ઈસલામ તે ઓનુ ઓડણુ પાથરણુ થઇ રહે છે. શરે શરીફથી એક બાલ બરોબર વીરૂધ ચાલવું તેઓને ઝેહર થઇ જાય છે. "ભય વગરની પીત નહી" આ વાત તેઓ બહુ સારી રીતે સમજે છે તેથી ખુદાએ તઆલાની મોહબ્બત અને ખોફ (ભય) તેઓના દીલમાં સ ંગેલ રેહે છે. ખુદાએ તઆલાની આજ્ઞા પાળવામાં તેઓ ઉપર ગમે તે દુઃખ તુટી પ . કાઇ દરકાગ્જ કરતાં નથી **તે**ની તાબેદારી તેમના જીવનું આનંદ થઇ થઇ રહે છે. તેઓના વચન આ છે.

કુશતે ગાંને ખંજરે તસલીમરા
હરદમે અઝગેબ જાને દીગર અસ્ત

=ત= **તા**રી તાબેદારીના ખંજરે ઘાયલ થએલાઓને વારેઘડીએ નવી નવી જીંદગી મળે છે. એટલે જેમ જેમ **તા**રી આજ્ઞા પાળીએ છીએ તેમ તેમ રૂહ ખીલતી જાય છે મોમીન જેમ જેમ **તે**ની ઇબાદત કરતો જાય છે તેમ તેમ એના દીલમાં નુરે મારફત ચમકાટ વધારે ને વધારે દેખાવતો જાય છે ગુપ્ત રીતે ખુદાની મોહબ્બત એના મનમાં વાસો કરતી જાય છે ફરી તો એમ થાય છે કે એક જોરબંદ વેહતાં પાણીની પેઠેમ મોમીનનીરૂહ ખુદાએ તઆલા તરફ વધતીજ જાય છે આ જીંદગીમાંજ પોતાની મુરાદે પોહચી જાય છે ખુદાએ તઆલાના નુરે જમાલની બહાર જોય છે. અને ફરમાવે છે કે

શેઅર

માં ન મુરદેમો રસીદેમ બાદોસ્ત
આફરીં બાદ બરીં હીમમતે મરદાં નએ માં:

=ત= હમેં મરતાં પેહેલાં હમારા પરવરદેગારને મળ્યા. હમારી આહીમ્મતને જય છે.–ખરેખર હીમ્મત એનુંજ નામ છે. દુનીયામાં બચ્ચા બાળાઓની સંભાળ રક્ષણ કરતાં સાથે **તે**ની તાબેદારી એવી ઉઠાવવી કે **તે** રાજી થઇ જાય–આ કામ નહાનું નથી. આવાઓ માટે ખુદાએ તઆલા પોતાના કલામે પાકમાં ફરમાવે છે કે

"યા એયા તોહન નફસૂલ મુત મઈનન્હ, ઈરજેઈ એલા ર

બએ કે રાદી અતમ્મરદીઅહ, ફદ ખૂલી ફી એબાદી વદ ખૂલી ફી જન્નતી."=ત= ઓ ઠરેલ જીવ ચાએલો આવ તારા રબ પાસે હઝી ખુશીથી તું **તે**નાથી રાજી છે અને **તે** તારાથી રાજી છે. આવી મળ મારા બંદાઓમાં અને જનનત (સ્વર્ગ) માં દાખલ થઇજા--ફરી તે ગપુરૂર રહીમ (બક્ષનાર-કૃપાળુ) ફરમાવે છે કે **"ઈન નલ લઝીના કાલુ રબ્બો નલ લાહો સૂમ મસત કામુ.**" (વાંચો સુરે હામમીમ સીજ્દા-૪) =ત=" જે લોકોએ કહ્યું કે હમારો **ર**બ અલહાહ છે ફરી કાયમ રહ્યા"-એટલે ખુદાના કોઇ પણ હુકમથી સોહે કર... ગમે તેવી મૂસીબત-દુઃખમાં **તે**નોજ દમભરયો **તે**નીજ મરજી સાચવી"=તેવાઓ ૮ ર ફીરશતા ઉતરે છે કે તમો ભય નો રાખો અને ગમગીન (શોકાતુર) ન થાવ ખુશ થ ઈ જાવ. જનનતથી જેનો તમોને વાએદો વચન (ખુદાએ) આપેલો છે."-હમે આ દુન યવી જીંદગીમાં અને આકેબત (પેલી દુનીયા) માં પણ તમારા દોસ્ત માત્ર છીએ. ત મારા માટે ત્યાં સર્વ કાંઇ મોજુદ છે-તે દયાળુ તરફથી તમારી મેહમાની છે."-"સુબહા નલલાહ" મોમીનોની ખુબીની શી વાત છે. ઉપલી આયતમાં આ ઈશારો પણ છે કે જે ખુદાની મરજી આજ્ઞાપર કાયમ રહે છે તેને આવા દરજ્જા મળે છે.

એજ રીતે મોમીન મરદ અને ઓરતો માટે ખુદાએ તઆલાએ પોતાના કલામે પાકમાં બહુ બશારતો ખુશખબરી આપેલી છે. અને મુશલમાન મરદ ઓરત બંનેની બક્ષીશ અને તેઓની તારીફ પણ કલામે પાકમાં બહુ થએલી છે માટે આવા મોટા દરજ્જા સુધી પોહચવાનું નહી બની શકે તો ઈમાન શહી શલામત સાથે લઇ જઈ શ કીએ આ વાતની તો કાળજી રાખો. અને જે કોશીશ કરે તેને માટે આવા આવા દર જા ખુદાએ તઆલાએ રાખેલાજ છે ને કોશીશ કરી આવા દરજા મેળવનાર પણ મોજુદજછે.

મુસલમાનોને લાયક છે કે શરે શરીફના ફરમાનોથી જરા ઉલટા ચાલે નહીં જેટલા ઓલીઆ અલલાહ થઈ ગયા છે તેઓ શરીઅતથી જરા પણ ઉલટા ચાએલા ન થી જે કાંઇ છે તે શરીઅતે મોહમ્મદીમાંજ છે. એની બાહેર કે એના શીવાએ કાંઇ નથી.

સુલતાનુલ આરેફીન (જનાબે ગોસ) થી એક માણુશે આવીને પૃછયું કે આપ પા ણી ઉપર ચાલો છો ? ફરમાવ્યું કે એમાં શું મોટાઇની વાત છે કચરો પણ પાણી ઉપ ર વહે છે તરે ફરે છે. ફરી તેજ માણુશે કહ્યું કે લોકો કેહે છે કે આપ હવાપર ઉડો છો-ફરમાવ્યું કે એમાં શું મોટાઇ છે પક્ષીઓ પણ ઉડે છે અને આ તો બહુજ હલ કી વાત છે. ત્યારે તે માણુસે કહ્યું કે મારા સરદાર ! ત્યારે માણુસ નુકમાળ (ઊત્તમપ ણુ) શું છે. આપે (પીરે) ફરમાવ્યું કે મનુષ્યપણાની મોટાઈ એ છે કે ખુદાએ તઆલા

ને ઓળખી તેનીજ આજ્ઞા પ્રમાણે તેની ઈબાદત-બંદગી-(પુંજા યાદ સમરણ) માં શુ થાયો રહે.-"સુબહાન અલલાહ"-પવીત્ર અલલાહ તઆલા છે.-કેવા સારા લોક હતાં અને કેવા સુંદર એઓના જોગ હતાં-આવા હતાં તોજ તો આ જીંદગીમાંજ પોતાની મુરાદે પોહચી ગયા-બીજા અવલીયા અલલાહને પણ એક માણુશે એવીજ વાતો પુછી ત્યારે તેવણે પણ ફરમાવ્યું કે આવા કામો કરવામાં શું મોટાઈ અને કરામત છે? ત્યારે તે માણુશે તમને પુછયું કે ત્યારે કરામત એટલે શું. આપે ફરમાવ્યું કે "સ્તેકામત" તેણે કહ્યું કે સ્તેકામત-એટલે શું? આપે કહ્યું કે શરીઅતે મોહમ્મદી (શલ) પરથી જરા પણ ખસવું નહી એને સ્તેકામત કહે છે. અને એનું નામ કરામત છે. ખરું ફરમાવ્યું-જનાબે અશરફ મોહમ્મદ સલ લલલાહો અલેહે વ સલલમે (આપના ઉ . . . . રેહમતઅને સલામ હોજો) ફરમાવ્યું છે કે "જે માણુસ મારી શરીઅતથી ઉલટો ચાલે અને આસમાન સુધી ઉડે તો જાણો કે એજ શેતાન છે." (વાંચો મશારીક વીગેરે કીતાબો) એજ હદીસે શરીફ-પેગંબર શાહેબના-ફરમાન-ઉપરથી સાદી (અલે) ફરમાવે છે કે (સાદી અલે વલી થઇ ગયા છે.)

ખીલાફે પયંબર કસે રાહ ગુઝીદ
કે હરગીઝ બ મંઝીલ ન ખાહદ રસીદ

. ત.- "પેગમબર શાહેબની વીરૂધ-એટલે આપની શરીઅતથી ઉલટી રાહ (રીત) જેણે ઇખત્યાર કીધી તે કદી મુકામસર પોહચવાનો નથી"—ખુદાએ તઆલા પણ પોતાના કલામે પાકમાં ફરમાવે છે કે-અય મોહમ્મદ (સલ) તમો એઓને "કહો કે અગર તમો ખુદાને દોસ્ત રાખો છો તો તમે મારી (મોહમદસલ) તાબેદારી કરો. તો ખુદા તઆલા તમોને દોસ્ત ગણુશે."-તમારા ઉપર પ્યાર રાખશે (વાંચો શુરે આલ ઈમરાન-૪) જુઓ ખુદાતાલાનું પ્યાર હઝરત (શલ) ની તાબેદારી-ઈઆને આપની શરીઅતમાં સમાવેલુ છે. એજ કારણુને લીધે જેટલા અવલીયા અલલાહ થઇ ગયા છે તે સર્વે શરીઅતને પોતાનું જીવજાન કરતાં વધારે વહાલી સમજતાં હતાં એનીજ તાબેદારીમાં જીંદગી પુરી કરી ગયા.

મારા પ્યારા ભાઈઓ અને બેહનો (મુશલમાન) શરીઅતે મોહમ્મદ (શલ) ની મોહબ્બત દીલમાં વધારો જે કરો તે એનાજ આધારે કરો શરીઅત વીરૂધ જે કરશો તે નકામું જશે; કેમકે ખુદાવંદે કરીમનું ફરમાન જે ઉપર બ્યાન થયું તેથી અને તેના આ બીજા ફરમાનથી સીદ્ધ થઇ ગયું છે. તે ફરમાવે છે કે "**વ મંચ ચબતગે ગયરલ ઈસલામે દીનન ફલંચ યૂકબલા મીનહો, વહોવા**

ફીલ આખેરતે મીનલ ખાસેરીન." (સુરે આલે ઇમરાન-૯)=ત=અને જે કોઈ ઇસલામ સીવાએ બીજો માર્ગ (ધરમ) પસંદ કરે તેના તરફનું કાંઇ પણ કબુલ થશે નહી; અને તે આખેરત (બીજી દુનીયા) માં ખોટમાંજ રહેશે-એટલે તેના કીધેલા કામોનો બદલો-સ્વાબ-મળવાનો નથી શરે મોહમ્મદી-ઇશલામથી તદન ફરી જવું ઈઆ તેનું ઇનકાર કરવું એ તો દેખયતું પુકર છે. પણ ઇશલામમાં રહીને તેને એક વખત કબુલ કરી લઇને તેના વીરૂધ ચાલવું આ છુપી નાફરમાની છે એને

બીદઅત કહે છે. બીદઅત-બે તરેહની છે એનો સવીસ્તાર એહવાલ બીજા ભાગ માં આવશે. બીદઅત એવી બુરી બલા છે કે માણુશને ધીમે ધીમે પાછો " શીરક તરફ ઢકેલી આપે છે. જે લોકો દુનીયાની લાલચમાં પડેલા છે અને દુના. ઈઝઝત આબરૂ અને કમાઇમાં ગુથાઇ રહેલા છે. અને નફસના તાબેદાર બની બેઠેલા છે તેઓ બીદઅતને હલકી સમજે છે અને બીદઅતથી રોકવાવાળાઓને ભુંડા શબ્દો થી વગોવી અભણ અને અણુસમજુ મુશલમાનોને તેઓથી દુર રાખવાની કોશીશ કરે છે તેઓ પોતાની આંખો ઢંકાયા પછી પોતાની ગફલતથી વાકેફ થઇ જશે. કેમકે જનાબે અશરફ મોહમ્મદ સલ લલલાહો અલૈહે વ સલલમ (આપના ઉપર ખુદાની રહેમત અને શલામ હોજો) ફરમાવી ગયા છે કે જે બીદઅત કરે છે તે હમારાઓમાંનો નથી (વાંચો મશારીક અને બીજી હદીસો તથા ફીકેહની મોટી કીતાબો) હવે જે માણુશ આપ (મોહમ્મદ શલ)ના લોકોની ગણુતરીમાંથીજ નીકળી ગયો તેનો ઠેકાણો શું અને તેને કોણુ સાચવશે-કેમકે ખુદાએ તઆલા પણ કહી ચુકયો કે "મારી મોહબ્બત રાખતા હોવ તો મોહમ્મદ (શલ)ની તાબેદારી કરો-અને આપે કહી દીધું કે "જે બીદઅતી તે મારા લોકોમાંથી નથી"-જરા વીચાર કરવું જોઇએ. અને એપણ યાદ રાખવું જોઇએ કે મઝહબના ચાર ઇમામો છે તેમનામાંથી ગમે તે એકની તાબેદારી કરવી એનું નામ બીદઅત નથી બીદઅત તો હઝરતની શરીએતથી ઉલટું ચાલવું દીનમાં નવી વાતો ઉમેરવી એનું નામ છે. હવે શરીઅત મોહમ્મદી જેનું બીજું નામ ઇશલામ છે તેની હકીકત કે જે ઉપર સર્વ બની આદમ (માણુશો)નું આધાર છે તેનુ બયાન કરૂં છું. ખુદાતાલા મારી મદદ કર-આમીન.

બીસમીલલા હીરરહુમાં નોરરહીમ.

-ત-

શુરૂ અલલાહ તઆલાના નામથી કે તે મહા દયાવાન અને કૃપાળુ છે

ઇશલામ દરપણ ભાગ બીજામાંનો

ઇનતેખાબ

બીનાએ ઇશલામ-અરકાને ઇમાન-તથા કલેમાં તેના અર્થ સાથે

કસીદો કાવ્ય

૧ હે આજ દીલમેં દો આલમકે વકઅતે ઇશલામ
ઝુહુરે દીને ખુદા હે હકીકતે ઇસલામ.
૨ બિછા હે સબકે લીયે ખાને દઅવતે ઇસલામ
કે ખાસ રેહમતે એઝદ હે ગીલલતે ઇસલામ
૩ ઝુહુરે કુવ્વતે એઝદ હે કુવ્વતે ઇસલામ
જમાલે સુબહે સઆદત હે નુઝહતે ઇસલામ
૪ શિકોહે મઝહબો મીલલત હે મીલલતે ઇસલામ
ચીરાગે રાહે હીદાયત હે સૂન્નતે ઇસલામ
૫ અયાં હે બાંગે મોઅઝઝન સે હુજ્જતે ઇસિલામ
કે પંજ ગાના ગરજતી હે નવબતે ઇસલામ
૬ હેં સિરફ શબ્બરાહ સીરત હી મુનકિરે ઇસિલામ
કે મશરકેન મેં હે નુરે બરકતે ઇસલામ
૭ ઊસૂલ ઇસકાહે તસદીકે કલમએ તવહીદ
હે ગાઝહે રૂખે તમજીદ અઝમતે ઇસલામ
૮ દિલાયગી તુ મેંહ ખાલીકસે જન્નતૂલ ફીરદોસ
છોડાયગી ગમે ઊકબાસે ઊલફતે ઇસલામ
૯ દેખાવ રાહે હીદાયત ખુદાકે બંદોં કો
કરો તમામ જહાંકો હીદાયતે ઇસલામ
૧૦ ઇસીકે લેનેકો અય મુનએમો બઢાઓ હાથ

કે ખાસ નેઅમતે એઝદ હે નેઅમતે ઇસલામ
૧૧ શરફે ઇસીકો હે દુનયાકે કુલ મઝાહીબપર
જુદા હે સારી જહાંસે શરાફતે ઇસલામ
૧૨ શિફાએ ઝાહેરો બાતિન ઇસીસે હે હાંસીલ
હે એસો ખુબીસે લબરેઝ હીકમતે ઇસલામ
૧૩ ફઝીલત ઇસકો ન કીઉં હો હરેક મીલલતપર
હે નામ મીલલતે એઝદકા મીલલતે ઇસલામ
૧૪ તુમ્હારે વાસ્તે ખુલદેબરીંકા વઅદાહે
નવીદે એશ તુમ્હે અહલે મીલલતે ઇસલામ
૧૫ પિલાંયગે તુમ્હે જામે રહીક કોસરપર
મેલાયગી તુમ્હે ખાલીકસે ઊલફતે ઇસલામ
૧૬ મુનવ્વર અહલે હિદાયત કે દીલ કીયે કયા કયા
અજબ હે સલલે અલા નુરે બરકતે ઇસલામ
૧૭ ન સમજો નાસીરે ખુદ સરકો ફાઝીલો શાઇર
કલામ ઊસકા હે એક કુસે હચબતે ઇસલામ

શા. મો. મો. શફી શાહેબ-નાસીર.

ઇસલામ-યાને દીને મોહમ્મદી (શલ).

એવી કેળવણી આપે છે કે અલલાહ તઆલાના બંદાઓ (સર્વ મનુષ્ય) માં ફીરીશતાઓના ગુણો વધે-તબઈ હાલત, એની તાબેદારીમાં રહીને સઘળું પોતાનું કામ આપે; કે જેથી માણસ જાહેર બાતીન (દેહ અને આતમા) બંનેને પવિત્ર કરી પોતાની મુળ સ્થીતીપર કાયમ થઇ જાય-ખુદાએ તઆલા તરફ પાક દીલથી પાછો ફરે; તેના દીદાર (દરશન) થી આનંદ પામે સ્વર્ગ જે એનું (માણશ) મુલ રેઠાણુ છે તે મેળવવા લાયક થાય-ખુદાવંદે કરીમની કુદરત (શક્તી) સુનઅત (કારીગરી) સીફાત (ગુણો)થી વાકેફ થઈ તેનીજ એબાદત (બંદગી-પુજા) કરે તેના સર્વ હુકમોને ખરા દીલથી કબુલ કરી તે જ પ્રમાણે વરતે તે જનાબે પાકની ઝાત-સીફાત-કુદરત-ફરમાનમાં કોઈને કોઇ રીતે શરીક-ભાગીઓ સાજી કે બરોબરીઓ ગણે નહી તેના રસુલે બરહક જનાબ મોહમ્મદ સલ લલ્લાહો અલેહે વ સલલમની તાબેદારી ઇઆને શરીઅતપર કાયમ રહે. વીગેરે-. દીની બાબનો સાથે દુનીયા પેદા કરવાની પણ ઇસલામ કેળવણી આપે છે. પણ દુનીયાની મોહબ્બત લોભ લાલચમાં આકેબતને વીસરાવી મેલવાને સખત રીતે ધીક્કારે છે—.

ઈસલામના અર્થ લુગત (કોશ) ની

કીતાબોમાં-છોડાવવું-સોપવું-હુકમપર માથું નમાવવું-વેચાણ લીધેલી ચીઝ કબજામાં લેતાં પહેલાં તેની કીમત આપી દેવી. એમ બ્યાન કીધેલાં છે.

શરે શરીફમાં ઇસલામ "દીન" નું નામ છે. તે દીન (ધર્મ) કે જેને લોકોને પોહચાડવા સારૂ અને તેની કેળવણી આપવા સારૂ અલલાહ તઆલાએ જનાબે અશરફ મોહમ્મદ સલ લલલાહો અલૈહે વસલલમને પેદા કીધા-. આ દીન ઉપર બ્યાન થએલા શઘળા અર્થથી ભરપુર છે-. કેમકે આ દીનની સાચી મોહબ્બત અને ખરી તાબેદારી માણસને તબઇ હાલતના ઉછાછળાપણા-અને શરારત-મકર-ફરેબ-દગા ફટકાથી છોડવે છે-. શેહવત ...બ (ગેહા) ની બેડીઓમાંથી છુટો કરે છે-. દુન્યાની ભટક (ગુમરાહી) થી આ ..કબત (પેલી દુનયા) માં ખુદાએ તઆલાના અઝાબથી છોડવી લે છે. સોપવાનો અર્થ પણ દીનમાં શમાએલો છે કેમકે એનો તાબેદાર (માનનાર) પોતાને સર્વ રીતે પોતાની રૂહ અને બદન તથા રૂહી શઘળી તાકાત અને બદનના સાંધા સાંધા અલલાહ તઆલાને સોંપી આપે છે તેના હુકમ વિરૂધ જરાપણ વરતવાને રાજી નથી અને એ વીજ રીતે ખુદાના તાબેદાર થઇ જવાનું નામ મુસલમાન-અને મોમીન છે-. હમારી પાસે જે કાંઈ છે એટલે હમારી દેહ અને આતમા અને એને લગતી જે જે તાકાતો છે તે સઘળી હમારા અલલાહ તઆલાએ હમોને આપેલી છે અને સઘળાનો માલીક તેજ છે માટે હમારી પાસે આ સઘળું કાંઇ અમાનત તરીકે છે આ અમાનતને બરોબર સાચવી જ્યારે તે માલેક પાછી લેવા ચાહે ત્યારે જેવી પવીત્ર તેણે શોપી હતી તેવીજ સ્વચ્છ અને પવીત્ર તેને સોંપી આપવી આ કામ હુમારૂ (માણશ) છે; તે યોગ્ય રીતે દીને મોહમ્મદી કરે છે-. ઇસલામનો અર્થ ગરદન ઝોકાવવું પણ થાય છે--તો ખુદાએ તઆલાના દરેક હુકમપર માથું નમાવવું અને દીલોજાનથી કબુલ કરવું આ કામ પણ દીને મોહમ્મદી (શલ) માંજ છે.-ખુદાએ તઆલાના સઘળા હુકમો એમાં છે અને દરેક મુસલમાન તે હુકમો ઉપર ગરદન ઝુકાવે છે. તેના કોઈ પણ ફરમાનનું ઇનકાર મુસલમાન કરતો નથી ખુદાએ તઆલાના હુકમપર અંતઃકરણથી ગરદન ઝુકાવી દેવી આ ગુણ તો મુસલમાંનોમાંજ છે. ઈસલામમાં દાખલ થતાંની સાથેજ ઉપલા ગુણો માણશમાં પેવસ્ત થઇ જાય છે-. ખુદાએ તઆલાની મોહબ્બત (પ્રતી) એવી તો વધે છે કે જેનુ બ્યાન કરવું મુશકીલ છે તેની જાહોજલાલી-અઝમત (પ્રાકરમી) તેના સઘળા ગુણોની તાસીર દીલમાં ઘર કરતી જાય છે-ખુદાએ તઆલાની તાબેદારી કરતાં કરતાં એવા ગુણે મુસલમાન પોહચી જાય છે કે ફીરીશતાઓ કરતાં એનો દરજો વધી જાય છે.

ઇશલામ ખરી પ્રીતી અને સદગુણનું મુળ છે. અરબોમાં એક બીજામાં કેવી અદાવત હ
તી. અને ઇસલામમાં દાખલ થતાંની સાથે એક બીજા કેવા શીરો શક્કર (દુધ-ખાંડ)ના
જેવા મળી ગયા-. વાંચો (તારીખે વાકેદી (રે)) ઇસલામનો અર્થ-ખરીદ વેચાણુ-પણુ
છે-તો દીને મોહહીમદી (સલ)નો તાબેદાર ખુદાએ તઆલા સાથે ખરીદ ફરોખતનો આ
મલોજ કરે છે. કેમકે તે (મુસલમાન) પોતાનું જાનમાલ બચ્ચા બાલાઓને ખુદાએ ત
આલાની મોહબ્બત અને ફરમાં બરદારીમાં આપી દેતાં-એટલે તેઓની પરવા નહી ક
રતાં ખુદા તઆલાની રઝામંદી હાંશલ કરે છે-તેની મહેરબાની મેળવવામાં જરા પણુ
બીજી વાતની પરવા રાખતો નથી અને જનનતનો હકદાર થઇ જાય છે-એનું નામ અને
ખુલાસો ઈશલામ છે-" દીન અલલાહ તઆલાની નજદીક ઇસલામજ છે " વાંચો
આલે ઈમરાન-રતા૦ ૯)

ઈસલામના ફરમાનો-અને હુકમો-તા. કામો

ઘણા છે-પણુ તે સઘળાઓનું સમાસ બે વાતોમાં છે ઇઆને ઇસલામની સઘળી બાબતો
ના મુળ બે છે-અને બીજુ સઘળું એની શાખાઓ છે-આ બંને-" બીનાએ ઇંસલામ "
અને "અરકાને ઈમાન" આ નામથી ઓળખાય છે.

અરકાને ઇમાન ૬ છે

(૧) અલલાહ તઆલાપર ઇમાન લાવવું (૨) તેના ફીરીશતાઓ ઉપર ઈમાન લાવવું
(૩) તેની કીતાબોપર ઈમાન લાવવું (૪) તેના રસુલોપર ઇમાન લાવવું (૫) કયામતા
ના હોવાપર ઈમાન લાવવું (આ રૂકનમાં મુવા પછી કબર (ગોર)માં ફીરીશતાઓના
સવાલના જવાબ આપવા સારૂ ઉઠવાના યકીનનો સમાસ થયેલો છે)-. (૬) તકદીરપર
ઇમાન લાવવું આ છો બાબતોને અરકાને ઇમાન કહે છે એમાંથી એક પણ વાતનો ઇ
નકાર કરવાથી માણુસ કાફીર થઈ જાય છે

ટાંચણ

ઉપર બ્યાન થયું કે ફીરસતાઓ ઉપર ઇમાન લાવવુ કીતાબો
તથા રશુલોપર ઈમાન લાવવું તો ઇમાનનો અર્થ એ નથી કે તે
મની પુંજા પત્રી કે સમરણ કરવી—પણ ખુદાએ તઆલાએ તે
ઓ વીશે જે હુકમ કીધો છે અને ફીરીશતા તા૦ રશુલોના જે ગુ
ણ અને જે કામો બ્યાન કીધા છે તે ઉપર ભરોશો રાખવો એ

નું નામ ઇમાન લાવવું છે.

બીનાએ ઈસલામ ૫ છે

(૧) ખુદાએ તઆલાની વેહદાનીયત અને તેના રસુલ જનાબ મોહમ્મદ (સલ) ની
રીસાલતનો, દીલ અને ઝબાનથી ખરો ઇકરાર કરવો-(૨) નમાઝ અદા કર
વી (૩) ઝકાત આપવી (૪) રમઝાન શરીફના રોઝા રાખવા (૫) હજ કરવા જવું-(અ
ગર પૈસો તંદુરસ્તી વીગેરે જે એને માટે જરૂરત છે તે સઘળું હોય તો) આ પાંચ
ચીઝોનું નામ બીનાએ ઇસલામ છે એમાંથી કોઇ પણ વાત માનવાને ના કહે તો-ઇ
[illegible]ગાર નથી કાફીર છે-અને નમાઝ રોઝા વીગેરે કરવામાં સુસતી-ગફલત-કરે તો સ
[illegible] છે. તેને કાફીર કહેવો નહી પણ શરે શરીફમાં જેમ કરવાનું બ્યાન થ
[illegible] છે તેથી ઉલટું કરે તો બીદઅતી છે અને નમાઝ વીગેરે ખુદાના ફરમાન નથી
અથવા આ કરવાથી શું થાય છે આવી વાતો કહે ઇયા ખુદાએ તઆલાની વેહદાનીયત
ઈઆ હઝરતની રીસાલત ઇઆ કુરાને શરીફ યા ખુદાએ તઆલાના કાંઇ પણ ફરમાન
માં શક રાખે રખાવે તો કાફીર છે-. વીગેરે આ સંબંધી સઘળી સ્વીસ્તાર હકીકત ઇ
આને ખુલાસો-; હવે પછી સાફ સાફ બ્યાન થશે.

અરકાને ઇમાન અને બીનાએ ઇસલામનો-ઇકરાર નીચે લખેલા કલેમાઓમાં આ
વી જાય છે-અને તેથી જકરી કલેમા પ્રથમ ભણાવે છે. માટે કલેમાં તેના અર્થ સાથે
મોહોડે ગોખવા અને ઇમાનનો અર્થ એ છે કે જેમ ઝબાનથી ભણે છે તેમ દીલથી પ
ણ ઇકરાર કરે-ઝબાનથી ઇકિરાર કરે અને દિલ (અંતઃકરણથી) માને નહી તો તે મુશ
લમાન નથી એવાને મુનાફીક કહે છે માટે ઇકરાર ઝબાનથી કરવું અને દીલથી સચાવ
વું પણ જોઇએ વળી બચ્ચું બોલતાં શીખે અને સારી પઠેમ બોલતો થાય કે તેને પ્ર
થમ "બીસમીલલા હીરરહમા નીરરહીમ." ભણાવવું ફરી ધીમે ધીમે કલેમાં યાદ કરા
વતાં જવું પણ તેને મારવો નહી તેનું મન પોતાની મેળે આ વાતો તરફ આવે એવી
રીતે તેની સાથે વરતવું અને ઇસલામના કલેમાં તો બચ્ચાઓ બહુ ખુશીથી યાદ ક
રી લે છે અને યાદ કરે એમાં નવાઈ પણ નથી કેમકે અલલાહ તઆલાએ ફરમાવેલુ
છે કે "સર્વેની પેદાશ (બનાવટ) ઇશલામ ઉપરજ છે" (વાંચો સુરે રૂમ ૪) અને હઝરત
(સલ) ની હદીશે શરીફ પણ છે કે " જે બચ્ચું પેદા થાય છે તે ઈસલામપર પેદા થાય છે
ફરી તેના માંબાપ જેરસ્તે હોય તે રસ્તે તેને વળગાડી દે છે"-. (વાંચો હદીસની કીતાબ)—

કલેમાં

બીસમીલલા હીરરહમાં નીરરહીમ

અવવલ કલમે તૈયબ-"**લા એલાહા ઈલ લલલાહો મોહમમદૂ**

૨ રસુલૂલલાહે"

=ત=

અલલાહ તઆલા સીવાએ બીજો કોઇ મઅબુદ (પુંજયમાન–પુંજવાલાયક) નથી. મોહ મ્મદ અલલાહ તઆલાના રસુલ છે–.

બીજો કલમો શહાદતનો

"અશહદો અન લા એલાહા ઈલ લલલાહો-વહદહુ લાશરી કા લહુ-વ અશહદો અનના મોહમમદન અબદહુ રસુલૂહૂ"-

=ત=

હું ગવાહી આપું છઊ (ઇકરાર કરૂ છઊ) કે અલલાહ તઆલા સીવાય બીજો કોઇ મ અબૂદ (પુંજયમાન) નથી તે એક છે તેનો કોઇ શરીક (ભાગીઓ–સાજી) નથી અને ગ વાહી આપું છઊ કે મોહમમદ તેના બંદા છે અને તેના રસુલ છે. (રસુલ એટલે તે ના હુકમ પોહચાડનાર)–.

તીજો કલમો તેની બુઝરગી વીશે

"સુબહાન અલલાહે-વલહમદો લીલલાહે-વલા એલાહા ઈલલલલાહો-વલલાહો અકબર-વલા હવલા વલા કુવતા ઈલ લા બીલ લાહીલ અલીયીલ અઝીમ"-

=ત=

અલલાહ તઆલા પાક પવિત્ર છે. અને સઘળા વખાણ તેનેજ ઘટે છે–. અને તેના સી વાએ બીજો કોઇ પુંજયમાન (માઅબુદ) નથી–. અને અલલાહ મોટો છે–. અને હમારા માં તાકાત કે કુવ્વત નથી પણ માત્ર અલલાહથી કે જે પ્રાકરમી અને સર્વેથી ચઢીયા તો છે (એટલે સઘળું કાંઇ તેનાજ આધારે છે)

ચોથો કલમો

તેની વેહદાનીયત ઇઆને એકાઇ વીશે–."**લા એલાહા-ઈલલલલાહો-વ**

હદહુ-લાશરીકા લહુ-લહુલ મુલકો વલહૂલ હમદો-યોહયી વ યૂમીતો-બે યદે હિલ ખયરો-વહોવા અલા કુલ્લે શઈન કદીર-."

=ત=

અલલાહ તઆલા સિવાય બીજો કોઇ પુંજ્યમાન (ગઅબુદ) નથી. તે સર્વે રીતે એક છે તેનો કોઇ શરીક (સાજી-બરોબરયો) નથી-. તેનાજ મુલક તેનોજ રાજ્ય છે તેજ ખાણ) લાયક છે તેજ પેદા કરે છે અને તેજ મોત આપે છે તેનાજ હા .માં ખેર બરકત છે. તેજ સઘળાઓ ઉપર કાબુ ધરાવે છે-.

પાંચમો કલમો

કુફ્ર રદ કરવા (છોડવા) વીશે-. **અલલાહુમ્મા ઈનની આઉઝો બેકા મીન અન ઉશરેકા બેકા શયઅન વ અના અઅલમો બિહી વસતગફિરોકા લેમાલા અઅલમો બિહી-તુબતો અનહો વ તબરરાતો મોનલ કુફ્રેવશશિરકે વલ મઆસી કુલલેહા અસલમતો વ આમનતો વ અકુલો લાએલાહા ઈલલ લલાહો મોહમમદુર રસુલુલલાહે"-.**

=ત=

આ અલલાહ-?. જાણી બુજીને તારી સાથે કોઇ રીતે હું કુફ્ર શીરક કરૂ એની હું તારા થીપનાહ માગુ છઊ (બચાવાની મદદ ચાહુ છઊ) અને અંજાનપણે મારાથી થઇ જાય તો તેની માફી ચાહુ છઉ કુફ્ર શીરકથી મેં તોબા કીધી અને હું આ વાતોથી બેઝાર થયો કંટાળ્યો અને શઘળા પાપોથી પશ્ચાતાપ કીધું હું હવે ઇસલામમાં દાખલ થયો અને હું ઈમાન લાવ્યો અને ખરા દીલથી કહું છઊ કે અલલાહ તઆલા સિવાય બી જો કોઇ મઅબુદ (પુજ્યમાન) નથી અને મોહમમદ (સલ) તેના રસુલ બરહક (સા ચા) છે-.

ઇમાને મુજમીલ—ઇઆને જે બાબતોપર ઈમાન લાવવું જોઈએ તે સઘળાઓને છુટી છુટી નહી બોલતાં શઘળી બાબતોનું ઇકરાર એકઠું કરી લેવું એને ઇમાને મુજ મીલ કહે છે તે નીચે પ્રમાણે છે.

"આમનતો બીલલાહે કમાહોવા બે અસમાએહી વસીફાતેહી વકબીલતો જમી અહકામેહી"—

=ત=

ઈમાન લાવ્યો હું અલલાહ તઆલાપર તેના સઘળા નામો અને સીફાતો સાથે અને મેં તેના સઘળા હુકમોને કબુલ કીધા.—

આટલું ખરા અંતકરણે કેહેતાં માણસ ઇસલામમાં દાખલ થઇ જાય છ ~. ઈ શક નથી. પણ દરેક બાબતો જેને અરકાને ઈમાન કહે છે તેઓને જુદી જુદી બો લીને તે ઉપર ઈમાન લાવવુ એજ સારી વાત છે. વળી દરેક કલમામાં ખુદાએ તઆ લાએ નુર અને બરકત રાખેલી છે તેતો જ્યારે જે માણસ ખરા અંતઃકરણથી રોઝ ભ ણા કરે છે ત્યારે તેને એની લઝઝત અને ફાયદો જણાઇ આવે છે. માટે રાત દીવશ માં એક વખતે તો ભણ્યા વગર રહેવુંજ નહી

ઈમાને મુફસસીલ

યાને દરેક બાબતોપર તફસીલવાર ઈમાન લાવવું એને ઇમાને મુફસસીલ ક હે છે. એમાં સઘળા અરકાનો તથા તવહીદ અને રીસાલતનો ઈકરાર આવી જાય છે.

"આમનતો બીલલાહે વ મલાએકતેહી વકોતોબિહી વ રેસોલેહી વ લયવમીલ આખેરે વલકદરે ખયરેહી વ શરરેહી મોનલલાહે તઆલા વલબઅસ બઅદલ મોત"—

=ત=

ઇમાન લાવ્યો હું અલલાહ તઆલાપર અને તેના ફીરીશતાઓપર અને તેની કીતા બોપર અને તેના સઘળા રસુલો પર અને કયમતના હોવાપર અને આ વાતપર કે જે કાંઇ નેકી બદી છે તેનો પેદા કરનાર અલલાહજ છે અને મુઆ પછી ઉઠવાનું બરહક છે.

સમાપ્ત

ખુદાવન્દા જહાં તક મુજહમેં જાં હે
કયામે અકલ હે જારી ઝબાં હે
સના તેરી વ તવસીફે મોહમ્મદ
મુજેહ મરગુબ ઝયાદા અઝ બ્યાં હેં
તું હે મુનઅતસે તેરી ખુબ ઝાહેર
તેરી હસતી ન મોહતાજે બ્યાં હે
કીયા ઇસલામપર આદમકો પયદા
સિવા ઇસકે હે જો કુછ વોહ ગુમાં હે
અજબ યેહ રાઝહે ઓર ભેદ મખફી
પતા ઇસમેં હે તેરા ઓર નીશાં હે
એબાદતકા તેરી યેહ ઢંગ સીખલાય
મિલાદે તૂજહસે જો વોહ યેહ ગયાં હે
કમર બસ્તાહ તેરી હીમ્મતસે હું મેં
તુહી સચ્ચા વ બેહતર પુશતીબાં હે
મેહરબાનીસે કર તું દસ્તગીરી
તેરા મસરૂર બંદા ના તવાં હે

સાલે તાલીફે કીતાબ

સને ઇસકી હે "મઝહરૂલ ઇસલામ"
તઅમીયા હે યેહી હુરૂફ તમામ

શને ૧૩૧૯ હી.